અપીલ અરજી નં.પર તા.૨–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ભીખાભાઈ મણીલાલ પટેલ
સામાવાળાઃ–કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ((ઉધનાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભીખાભાઈ મણીલાલ પટેલની તા.૧૯–૩–૦૯ ની અરજીથી ટીપી નં.૧ ફા.પ્લોટ નં.૬૯ પર તૈયાર થયેલ પ્રભુદર્શન સોસા.,ને ઈન્ડસ્ટ્રીયલ પાસ કરવામાં આવેલ છે કે રેસીડેન્સીયલ? તેના ગાળાઓમાં કેટલા કેટલા માળ સુધીના બાંધકામ કરવાની પરમીશન આપના વિભાગે આપેલ છે? આ સોસાયટીના લે આઉટ પ્લાનની નકલ વિગેરે મુદ્દા નં.૧ થીં૩ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** :–અરજદાર મજકુરની તા.૨–૬–'૦૯ ની અપીલ અરજી નં.પર/૨૦૦૯–૧૦

શ્રી ભીખાભાઈ મણીલાલ પટેલની તા.૧૯–૩–૦૯ ની અરજીથી ટીપી નં.૧ ફા.પ્લોટ નં.૬૯ પર તૈયાર થયેલ પ્રભુદર્શન સોસા.,ને ઈન્ડસ્ટ્રીયલ પાસ કરવામાં આવેલ છે કે રેસીડન્સીયલ? તેના ગાળાઓમાં કેટલા કેટલા માળ સુધીના બાંધકામ કરવાની પરમીશન આપના વિભાગે આપેલ છે? આ સોસાયટીના લે આઉટ પ્લાનની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી૩ ની માહિતી આપવા બાબતે દિન–૩૦ માં પ્રતિભાવ નહીં મળવાથી એપેલેટ ઓફિસરને દિન–૧૫ ના વિલંબથી તા.૨–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૩ તા.૮–૬–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ((ઉધનાઝોન)અને અરજદારને વિલંબિત અપીલ અંગેના આધાર અને વાજબીપણા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ટેક/આ.નં.૧૬૫૫ તા.૧૮–૬–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જેમાં અરજદારને માહિતી અંગે રૂા.૨૭૦/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અંગે સા.ઝોન/ટેક/આ.નં.૧૫ તા.૧–૪–૦૯ થી પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૯–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર પાઠવી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે અરજદારે માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગે કોઈ માહિતી અત્રેના વિભાગને પૂરી પડાયેલ નથી. અરજદારે અપીલમાં પણ માહિતી નહીં મળ્યા અંગેની રજૂઆત કરેલ છે. અરજદારને પણ અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં જરૂરી દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગે કોઈ માહિતી અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવેલ નથી.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ પત્ર સા.ઝોન/ટેક./આ.નં.૧૫ તા.૧–૪–૦૯ થી માહિતી અને દસ્તાવેજો માટે રૂા.૨૭૦/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા આરટીઆઈ કાયદાની કલમ–૭(૧) તથા ૭(૩) થી ઠરાવેલ સમય મર્યાદામાં જણાવેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવી લીધા બાદ નારાજગીના કિસ્સામાં દિન–૩૦ ની અવધિમાં કલમ–૧૯(૧) હેઠળ અપીલ કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬ –૦૯

ડે.*કમિશનર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધનાઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભીખાભાઈ મણીલાલ પટેલ